# હિંમતનગરમાં દબાણકર્તાઓની દાદાગીરી

## મહાવીરનગરમાં ખસેડાયેલા દબાણો ફરીથી ખડકી દેવાતા અનેક તર્કવિતર્ક

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના મોટાભાગના વિસ્તારોમાં સરકારી જમીનમાં અનેક દબાણકર્તાઓએ અડીંગો જમાવી દીધો હોવા છતા વર્ષોથી તેઓ સરકારી જમીન ન છોડીને તંત્રની સામે લલકાર કરી રહ્યા છે તેમ છતાં તેમની સામે પગલા લેવા માટે નગરપાલિકા તથા અન્ય સંલગ્ન વિભાગો મુકપ્રેક્ષક બની લાચારી બતાવી રહ્યા છે. ત્યારે કોને કહેવા જવુ તે પ્રશ્ન છે. દરમિયાન મહાવીરનગર વિસ્તારમાં નગરપાલિકાએ થોડા દિવસ અગાઉ દબાણો દૂર કર્યા હતા પરંતુ અગમ્ય કારણોસર આ જમીન પર ફરીથી દબાણ થઈ જતા શહેરમાં પાલિકાના સત્તાવાળાઓની કાર્યવાહી સામે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ખેડ-તસીયારોડ પરના સર્કલ પાસેથી કેટલાક કાચાપાકા દબાણો તાજેતરમાં નગરપાલિકાએ દૂર કરી દીધા હતા અને તે જગ્યા પર બ્લોક લગાવી દેવામાં આવ્યા છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ દબાણકર્તાઓએ ફરીથી દબાણ કરી દીધા છે. જે માટે એવુ કહેવાય છે કે નગરપાલિકાના સત્તાવાળાઓના છુપા આશિર્વાદને લીધે આ દબાણકર્તાઓ સામે કોઈ ઠોસ કાર્યવાહી થતી નથી અથવા તો અંદરખાને તેમને કોઈ રાજકીય દબાણને લીધે કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવતો હોય તેમ લોકોનું માનવુ છે. જો આ જગ્યા નગરપાલિકાએ દબાણકર્તાઓને કાયદેસરની કરી આપી હોય તો તે પણ જાહેર કરવુ જોઈએ તથા તેનો લાભ જે લોકોને મળી શકતો હોય તેમને પણ આપવો જોઈએ. બીજી તરફ શહેરના ટાવરચોકથી પાંચબત્તી સુધીના વિસ્તારમાં રોડની બંને બાજુ આવેલા દુકાનદારો દરરોજ તેમનો માલસામાન દુકાનની આગળથી નિકળતા ફુટપાથ પર ખડકલો કરી દે છે જેના કારણે રાહદારીઓને ફુટપાથને બદલે રોડ પર ચાલવુ પડે છે. દરમિયાન આ વિસ્તારમાંથી પસાર થતા પાલિકાના કોર્પોરેટરો અને અધિકારીઓ જાણતા અને જોતા હોવા છતા તેઓ વેપારીઓને કશુ જ કરી શકતા નથી તેવી છાપ ઉપસી રહી છે. મોતીપુરા, મહેતાપુરા, સ્ટેશનરોડ સહિત અન્ય વિસ્તારોમાં પણ દબાણકર્તાઓ વર્ષોથી અડીંગો જમાવીને બેઠા હોવા છતાં તેમની સામે જાણે કે લાચાર તંત્ર કઈ જ કરી શકતુ નથી. તેના કારણે સાચા લોકોને પણ દંડાવુ પડે છે. તેના અનેક ખરાબ અનુભવો નગરપાલિકામાં કામ માટે ગયેલા લોકોને થયા છે.

# શામળાજી પોલીસે બિનવારસી કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૫

શૉ-રૂમ માંથી છોડાવેલી નવી નક્કોર બ્રેઝા કારમાં બુટલેગરે વિદેશી દારૂ ઘુસાડવા ઉપયોગમાં લઈ શુભારંભ કરવા જતા શામળાજી પોલીસ પેટ્રોલિંગ જોઈ નેશનલ હાઈવે.નં-૮ પર બિનવારસી મૂકી ફરાર થઈ જતા પોલીસે કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો રૂ.૨૨૭૫૦૦નો જથ્થો હાથ લાગ્યો હતો. શામળાજી પોલીસે કુલ રૂ. ૧૦૨૭૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ભિલોડા પોલીસે ભીલોડનો નામચીન બુટલેગર રમેશ ગોબર વણજારાની હોટેલ સાઈ સમ્રાટ પર રેડ કરી ગેસ સિલિન્ડરમાં નીચેના ભાગે અને લોખંડના તાવડામાં વચ્ચેના ભાગે બનાવેલ ખાનામાં સંતાડી રાખેલ વિદેશી દારૂ અને બિયર રૂ.૨૫૬૦૦નો પકડી પાડ્યો હતો. પોલીસે રેડ જોઈ રમેશ ગોબર બુટલેગર હોટલ પાછળથી ફરાર થઈ ગયો હતો.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના શખ્ત કાયદાના લીરેલીરા ઉડાડતી અનેક ઘટનાઓ જોવા મળી રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રે પરપ્રાંતીય રાજ્યોમાંથી ઘુસાડાતો વિદેશી દારૂ અટકાવવા શખ્ત કાર્યવાહી હાથ ધરાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ જપ્ત કરવામાં સફળ બની છે. શામળાજી પોલીસે ને. હા.નં-૮ પર રતનપુર નજીક રાજસ્થાન તરફથી



આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રોડ પરથી ન્યુ બ્રેઝા કાર બિનવારસી હાલત મળી આવતા કાર તલાશી લેતા કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૪૫૫ કીં. રૂ.૨૨૭૫૦૦ જથ્થો મળી આવ્યો હતો. કારની કીં. રૂ. ૮૦૦૦૦૦ મળી કુલ રૂ. ૧૦૨૭૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા પોલીસે બાતમીના આધારે રમેશ ગોબર વણજારા નામના નામચીન બુટલેગરની સાઈ સમ્રાટ હોટલમાં દરોડો પાડી હોટલના રસોડામાં સંતાડેલો વિદેશી દારૂ/બિયર નંગ-૬૯ કીં. રૂ. ૨૫૬૦૦ જપ્ત કરી વિદેશી દારૂ છુપાવવા ઉપયોગમાં લીધેલ સિલિન્ડર નંગ-૫, કીં. રૂ.૧૦૦૦૦ તથા લોંખડ ના તાવડા નંગ-૩ કીં. રૂ. ૪૫૦૦ મળી કુલ રૂ.૨૪૧૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસ રેડ જોઈ ભાગી જનાર રમેશ ગોબર વણજારા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## હિંમતનગરની જુની સિવિલના કમ્પાઉન્ડમાંથી કાર ચોરાઈ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરની જુની સિવિલના કમ્પાઉન્ડમાં અઠવાડીયા અગાઉ પાર્ક કરાયેલ રૂ. ૩૫ હજારની કિંમતની કાર નં. જીજે.૧.એસકે.૩૫૭૬ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા આખરે ચંદ્રકાંત ડાહ્યાભાઈ સુતરીયાએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## બહેરા મૂંગા વિદ્યાલયમાં વિકલાંગ દિન ઉજવાયો

હિંમતનગર, તા. ૫

શિશુ સેવા કલ્યાણ મંડળ સંચાલિત હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ બહેરા મૂંગા વિદ્યાલયમાં તાજેતરમાં વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત ચિત્ર સ્પર્ધા, ચેસ સ્પર્ધા અને રમતગમત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ઉપરાંત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની ઉપસ્થિતિમાં વર્ષ દરમ્યાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને સન્માનિત કરાયા હતા.

# સાબરકાંઠા ખેડૂતો પાસેથી ખરીદાયેલી મગફળી રામ ભરોસે મુકી દેવાઈ

**ગોડાઉનના અભાવે મગફળી માર્કેટયાર્ડમાં ખુલ્લામાં ખડકી દેવાઈ : માલ વેચવા આવતા ખેડૂતોને વાહન મુકવાની જગ્યા ન મળતા હોબાળો : ખેડૂતોએ હિંમતનગર માર્કેટયાર્ડનો દરવાજો બંધ કરી દીધો**

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં મગફળીની ખરીદીની કામગીરી અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે ત્યારે જિલ્લાના ૬ ખરીદ કેન્દ્રો મારફતે ખરીદવામાં આવેલી અંદાજે ૫૧૧૦૬.૫૯ ક્વિન્ટલ મગફળી પૈકી કેટલોક જથ્થો ગોડાઉનના અભાવે માર્કેટયાર્ડોમાં ખુલ્લામાં પડી રહ્યો છે. તો બીજી તરફ ગમે ત્યારે માવઠુ થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. ત્યારે આ ખુલ્લામાં પડી રહેલ મગફળીને સત્વરે ગોડાઉનમાં મોકલી આપવી જોઈએ. દરમ્યાન માર્કેટયાર્ડની ખુલ્લી જગ્યામાં પડી રહેલ આ મગફળીને કારણે રોજબરોજ માર્કેટયાર્ડમાં અન્ય અનાજ વેચવા માટે આવતા ખેડૂતોને તેમના વાહન પાર્ક કરવાની જગ્યા ન મળતા બુધવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં આવેલા ખેડૂતોએ માર્કેટયાર્ડનો મુખ્ય દરવાજો બંધ કરી પુરવઠા નિગમના અધિકારીઓ પર રોષ ઠાલવ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહીત જિલ્લાના અન્ય પાંચ ખરીદ કેન્દ્ર પરથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી રહી છે ત્યારે અત્યારે આ કામગીરી અંતિમ તબક્કામા ંછે પરંતુ અગાઉ જે ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરાઈ હતી તે પૈકીનો કેટલોક જથ્થો ગોડાઉનના અભાવે ખુલ્લામાં પડી રહ્યો છે. તો બીજી તરફ બે દિવસ અગાઉ જિલ્લાના ૬ કેન્દ્રો પરથી મગ અને અડદની ખરીદી કરવા માટે ખેડૂતોની નોંધણી નિગમ દ્વારા કરાઈ રહી છે.

દરમ્યાન હિંમતનગર માર્કેટયાર્ડમાં કેટલોક જથ્થો પડી રહ્યો હોવાને કારણે માર્કેટયાર્ડમાં ખેડૂતોના વાહનો ઉભા રાખવાની જગ્યાનો અભાવ વર્તાઈ રહ્યો છે. જેના કારણે બુધવારે હિંમતનગર માર્કેટયાર્ડમાં અન્ય અનાજ વેચવા વાહનો લઈને આવેલા ખેડૂતોએ ઉશ્કેરાઈ જઈને માર્કેટયાર્ડનો મુખ્ય દરવાજો બંધ કરી દીધો હતો અને પુરવઠા નિગમના અધિકારીઓ સમક્ષ માર્કેટયાર્ડમાં પડી રહેલી મગફળીનો નિકાલ કરવા માટે જોરદાર માંગ કરી હતી.

આ અંગે પુરવઠા નિગમના અધિકારીના દાવા મુજબ મગફળી ભરવા માટેના ગોડાઉનની વ્યવસ્થા થઈ ગઈ હોવાથી માર્કેટયાર્ડમાં પડી રહેલ મગફળીનો જથ્થો વાહનોમાં ભરીને લઈ જવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે જિલ્લાના ૬ ખરીદ કેન્દ્રો પરથી અત્યાર સુધીમાં અંદાજે ૩૨૦૦ થી વધુ ખેડૂતો પાસેથી ૫૧૧૦૬.૫૯ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરાઈ ચુકી છે.



તસવીર : મગનજી વણઝારા

## બોલુન્દ્રામાં કાલભૈરવ જયંતીની ઉજવણી કરાઈ

ઈડર તાલુકાના બોલુન્દ્રા (ભેરવજી)માં આવેલા અને સમગ્ર રાજ્યના સૌપ્રથમ શિખરબંધી કાલભૈરવ મંદિર ખાતે ૨૯ નવેમ્બરે કાલભૈરવ જયંતિ નિમિત્તે ૧૨૧ ભોગ દર્શન તેમજ બાપાસિતારામ (ન્યુ રાણીપ)ના કલાકારો દ્વારા અભિનિત સંગીતમય ભક્તિ કાર્યક્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૮ કલાકારોના વિશાળ સમૂહ દ્વારા ગુજરાતી ભજનો, લોકગીતો, ગરબા અને દેશભક્તિ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સાંસદ દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય હિતુ કનોડીયા, ભાજપ જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, પ્રાંત કલેક્ટર એ.જે. દેસાઈ, અગ્રણી વિજય પંડ્યા, જયેશ પટેલ, ભૈરવજી મંદિર ટ્રસ્ટી મંડળ સહિત અનેક અગ્રણીઓ ઉપરાંત બોલુન્દ્રા અને આસપાસના હજારો ગ્રામજનો ઉપસ્થિત રહીને કાલભૈરવ જયંતિની ભવ્ય ઉજવણી કરી હતી.

## પ્રાંતિજના પોલીસકર્મીનું ચાલુ ફરજ દરમિયાન અવસાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વતની અને અમદાવાદ શાહીબાગ રાણીપ પોલિસ વિભાગમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા પોલિસકર્મીનું ફરજ દરમ્યાન મૃત્યુ થતાં તેવોના માદરે વતન પ્રાંતિજ ખાતે ગાર્ડ ઓફ ઓનરની સલામી આપવામાં આવી હતી.

અમદાવાદ શાહીબાગ રાણીપ પોલિસ વિભાગમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં પ્રાંતિજના વતની શાબીરમીયા બીસુમીયા કુરેશીનું માંદગીના કારણે ફરજ દરમ્યાન મૃત્યુ થતાં તેઓને તેમનાં માદરે વતન પ્રાંતિજ ભઠ્ઠીવાડા ખાતે તેવોનો મૃતદેહ લાવવામાં આવ્યો હતો. જયાં પરીવાર સહિત સગાસંબંધીઓ મિત્ર વર્તુળમાં શોકની લાગણી પ્રવર્તિ હતી. તેમની અંતિમ વિધી પહેલાં સાબરકાંઠા જિલ્લા પોલિસતંત્ર દ્વારા મૃતકને ગાર્ડ ઓફ ઓનરનું સન્માન સાથે સલામી આપવામાં આવી હતી.

# ભાથીજીના મુવાડા ગામેથી થયેલ અપહરણનો ભેદ ઉકેલાયો

**પ્રેમીને પામવા લક્ષ્મી નામની મહિલાએ બે યુવકો સાથે ભાથીજીના મુવાડા ગામેથી ૬ મહિનાની બાળકીનું અપહરણ કર્યું હતું : જીલ્લા પોલીસ વડા મયુર પાટીલ**

બાયડ, તા. ૫

બાયડના ભાથીજીના મુવાડા ખાતે આવેલા ઈંટવાડામાં મજૂરી અર્થે સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતાપભાઈ જયરામભાઈ ઓડ તેમના પરિવાર સાથે રહે છે. ૨૯ ડિસેમ્બરે રાત્રીના સુમારે પ્રતાપભાઈ અને તેની પત્ની ત્રણ બાળકોને રહેઠાણ પર મૂકી ૩૦ મીટર દૂર ઈટોના ભઠ્ઠા પર મજૂરી માટે ગયા હતા. ત્યારબાદ વહેલી પરોઢે રહેઠાણ સ્થળ પર પરત ફરતા બે બાળકો સુતેલા જોવા મળ્યા હતા જયારે ઘોડિયામાં સુતેલી ૬ માસની બાળકી જોવા ન મળતા અને આજુબાજુમાં પણ ક્યાંય પાસે જોવા ન મળતા દંપતીના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી અને બેબાકળા બનેલાએ દંપતીએ પોલીસને જાણ કરતા જીલ્લા પોલીસતંત્ર સહીત બનાવની ગંભીરતા સમજી રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને અપહરણનો ગુન્હો ઝડપથી ઉકેલવા માર્ગદર્શન અને સૂચના આધારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે અલગ અલગ ટિમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં ૬ મહિનાની નિકિતા નામની બાળકી હેમખેમ રાજકોટમાંથી લક્ષ્મી નામની મહિલાના પ્રેમીના ઘરેથી સહીસલામત પરત મેળવી હતી અને લક્ષ્મીને પણ દબોચી લીધી



હતી. અપહરણમાં સંડોવાયેલા હિતેશ અને મુકેશને ઝડપી પાડવા પોલીસ તંત્ર ગુજરાત ખૂંદી રહ્યું છે.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસ અને બાયડ પોલીસની અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાતા બાતમી મળી હતી કે ગામની એક મહિલા અને બે યુવાનો ગામ છોડી નાસી ગયેલા જણાતા તે દિશામાં તપાસ હાથ ધરાતા લક્ષ્મીબેન નાનસિંહ સોલંકી નામની મહિલાની આગવી ઢબે પૂછપરછ કરતા સમગ્ર અપહરણનો પર્દાફાશ થયો હતો.

જીલ્લા એલસીબી પોલીસ લક્ષ્મીબેનની તપાસ કરતા જણાવ્યું હતું કે રાજકોટ ખાતે રહેતા મુકેશ ભગાભાઈ ખાંટ સાથે પ્રેમ સંબંધ હતો. પ્રેમી પરણિત હોવા છતાં નિઃસંતાન હોવાથી મુકેશ સાથે ઘર સંસાર માંડવા અવારનવાર મળતી હતી. એકાદ મહિના પહેલા પ્રેમીને પામવા ખતરનાક પ્લાન ઘડી કાઢી મુકેશને એક મહિના અગાઉ તેમના બાળકીને રાજકોટના કાલાવાડા રોડ પર આવેલા મટોડા વિસ્તારમાંથી એક મકાનમાંથી ધરપકડ કરી બાળકીને તેના માતા પિતા અને પરિવારજનોને સોંપતા આનંદ છવાયો હતો. નાજાયજ સંબંધોથી બાળકીનો જન્મ થયો હોવાનું જણાવી બાળકીની શોધમાં લાગી હતી તેને ગામના જ હિતેશ પરબતસિંહ સોલંકી અને મુકેશ ચંદુભાઈ સોલંકી નામના બે યુવાનોનો સંપર્ક કરી તેની યોજનાને અંજામ આપવા બંને યુવકોને રૂપિયાની લાલચ આપી ગામના સીમાડામાં ઈંટો પાડવાના ભઠ્ઠા પર મજૂરી કરતા પરિવારની ગેરહાજરીનો લાભ લઈ ૩૦ નવેમ્બરે મોડી રાત્રીના સુમારે ઘોડિયામાં સુતેલી બાળકીનું અપહરણ કરી બાઈક પર લક્ષ્મી અને બંને યુવકો બાળકી સાથે વીરપુર પાસેના સરડીયા ગામે તેના સંબંધીને ત્યાં સાચવવા આપી કંઈ પણ ન બન્યું હોય તેમ પરત આવી ગયા હતા અને બીજા દિવસે લક્ષ્મી છૂટક વાહન મારફતે સરાડીયા પહોંચી બાળકીને લઈ રાજકોટ તેના પ્રેમીના ઘરે પહોંચી બાળકી સોંપી પરત ફરી હોવાનું જણાવતા જીલ્લા પોલીસતંત્રની ટીમો રાજકોટ પહોંચી બાળકીને મુકેશ ભગાભાઈ ખાંટ પાસેથી સહીસલામત પરત પરિવારજનોને સોંપી હતી. અરવલ્લી જીલ્લા પોલીસે અપહરણ કરાયેલ બાળકીને છુટકારો કરાવતા જીલ્લાના પ્રજાજનોએ પોલીસતંત્રની સરાહના કરી હતી.

### વિશ્વની પ્રથમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સંત ઈશ્વરચરણ સ્વામી , આનંદસ્વામી તેમજ બ્રહ્મવિહારી સ્વામીની હાજરીમાં આ સર્જરી ગણતરીની ક્ષણોમાં સફળતાપુર્વક પુર્ણ કરવામાં આવી હતી. આ પ્રસંગે એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટયુટના ચેરમેન કાર્ડિયોલોજીસ્ટ ડો તેજસ પટેલે જણાંવ્યુ હતુ કે રોબોટીક સર્જરીનો આ પ્રથમ કેસ ઈન્ટરવેન્શનલ મેડિસિન માટે સીમાચિન્હરૂપ ઘટના રજુ કરે છે. જયારે હૃદય ઉપરાંત સ્ટ્રોક સહીતની કાર્ડિયોવેસ્કયુલર બિમારીઓ વધી રહી છે. વિશ્વમાં દરવર્ષે લગભગ ૧.૮ કરોડ લોકોના મોત માટે આ બિમારીઓ મુખ્ય કારણ છે. જયારે ભારતમાં અત્યારસુધી શક્ય ન હોય તેવી સંભાળ અને સુલભતા પુરી પાડવામાં ટેલિરોબોટિકસનો ઉપયોગ યોગ્ય ક્ષમતા ધરાવે છે. અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રવકતા બ્રહ્મવિહારી સ્વામીએ જણાંવ્યુ હતુ કે ડો તેજસ પટેલે પુજય પ્રમુખસ્વામી મહારાજના અંગત કાર્ડિયોલોજીસ્ટ તરીકે સેવા આપી છે. તે દરમિયાન તેમને આધ્યાત્મની પળોનો અનુભવ થયો હતો. તેમનો આ અનુભવ શ્રધ્ધા અને હૃદય પરિવર્તનની એક નોંધપાત્ર સફર છે. પ્રમુખ સ્વામીએ માનવ જીવન અને વૈશ્વિક મુલ્યોના વિકાસ માટે વિજ્ઞાન અને આધ્યાત્મને પ્રોત્સાહન આપ્યુ છે. જયારે પ્રમુખ સ્વામી મહારાજના શતાબ્દીની ઉજવણી થઈ રહી છે. રાજકોટમાં તા ૫ ડિસેમ્બરથી આ ઉજવણનો પ્રારંભ થઈ ચુકયો છે. ત્યારે આજનો દિવસ પ્રમુખ સ્વામીના સન્માનમાં પસંદ કરવામાં આવ્યો છે.

### પ્રચારનો અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાજ પાર્ટીના ઉમેદવારના અવસાનના કારણે ચૂંટણી મોકૂફ કરી દેવામાં આવી છે. આજે પ્રચારનો સાડા પાંચ વાગે અંત આવ્યો હતો. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલનાર છે. રાજસ્થાનમાં મુખ્ય ચૂંટણી અધિકારી આનંદકુમારે કહ્યું છે કે, યોગ્ય સુરક્ષા વ્યવસ્થા રાજસ્થાનમાં ગોઠવી દેવામાં આવી છે. રાજ્યમાં ૪.૭૭ કરોડ નોંધાયેલા મતદારો છે. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે. આજે પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર રીતે સક્રિય રહ્યા હતા. રાજસ્થાનમાં ૨૦૦ વિધાનસભાની ચૂંટણી પૈકી ૧૯૯ પર હવે સાતમી ડિસેમ્બરના દિવસે મતદાન થનાર છે. રાજસ્થાન અને તેલંગણામાં બુધવારના દિવસે મતદાન થનાર છે. બંને રાજ્યોમાં મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે તમામ તાકાત લગાવી હતી. જ્યારે કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી, અશોક ગહેલોત અને સચિન પાઈલોટે તમામ તાકાત લગાવી દીધી હતી. રાહુલ ગાંધીએ આક્ષેપ કરતા કહ્યુ છે કે મુખ્યપ્રધાન રાજેને છેલ્લા પાંચ વર્ષમાં સામાન્ય લોકો માટે સમય જ મળ્યો નથી. રાહુલે કહ્યુ છે કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો રાજ્યમાં ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ વિકસિત કરવામાં આવનાર છે. મોદીએ પ્રચારના છેલ્લા દિવસે આજે બે રેલી કરનાર છે. જેમાં પહેલી પાલીના સુમેરપુર અને બીજી દૌસામાં રેલી યોજી હતી. બીજી બાજુ તેલંગાણામાં પણ ચૂંટણી પ્રચારનો આજે અંત આવ્યો હતો. અહીં પણ સાતમીએ જ મતદાન થશે. તેલંગાણામાં ૧૧૯ વિધાનસભા સીટો છે. ૧૮૨૧ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ટીઆરએસ સામે આ વખતે કોંગ્રેસ, ટીડીપી, સીપીઆઈ, તેલંગાણા જનસમિતિના મહાગઠબંધનનો મુકાબલો છે. ઓવૈસીની પાર્ટી પણ મેદાનમાં છે. આ પાર્ટી તમામ ૧૧૯ સીટો પર લડી રહી છે. કોંગ્રેસે ૯૯ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. તેલંગાણામાં કુલ મતદારોની સંખ્યા ૨.૮૦ કરોડ છે. તેલંગાણામાં નિષ્પક્ષ ચૂંટણીની કાતરી કરવા વિવિધ પગલા લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે ત્રીજી ડિસેમ્બર સુધી ૧૧૧ કરોડ રૂપિયાની કિંમતની અન્ય ચીજવસ્તુઓ અને રોકડ રકમ જપ્ત કરાઈ હતી. ૯૪.૧૭ કરોડની રકડ જપ્ત કરવામાં આવી હતી.

### વધુ આક્રમક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ પ્રક્રિયા બંધ થઈ ચુકી છે. આ વ્યવસ્થા હવે બદલાઈ ચુકી છે. આજે આવા લોકોને કોર્ટના ચક્કર લગાવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, અગાઉની સરકારના શાસનકાળમાં અનેક રાગ દરબારી થયા હતા જે લોકોએ ત્રણ પેઢી સુધી ખુબ મલાઈ કાધી હતી પરંતુ એક ચા વાળાએ તેમને કોર્ટના દરવાજા સુધી ખેંચી ગયા છે. ઈમાનદારી જીત થઈ છે. આ લોકો હવે જામીન ઉપર બહાર છે. જ્યારે કોઈ વ્યક્તિને જામીન થાય છે અને જ્યારે તે ઘરે આવે છે ત્યારે તેમનું સન્માન કરવામાં આવતું નથી. આવી સ્થિતિમાં આવી જમાનત ઉપર રહેલા લોકોને રાજસ્થાન કોઈ કિંમતે સોંપી શકાય નહીં. ચિદમ્બરમ ઉપર પણ પ્રહાર કરતા કહ્યું હતું કે, એક બીજા ખેલાડી નામદારની સેવા કરવામાં સૌથી આગળ હતા. દેશના નાણામંત્રી અને ગૃહમંત્રી બની ગયા હતા. જે પોતે સુપ્રીમ કોર્ટમાં વકાલાત કરતા હતા પરંતુ મોદીએ એવી રમત રમી કે પાના ખોલી ખોલીને હવે તેમને અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. તેમના પુત્ર જેલ ભેગા થઈ ગયા છે. મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, પહેલા ચાર પેઢીનો હિસાબ આપો ત્યારબાદ જ ચાર વર્ષનો ઈતિહાસ અને હિસાબ અમે આપીશું.

### કોર્ટમાં રજૂ કરાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિશેલના ભારત આવ્યા બાદ વિપક્ષની કોંગ્રેસ પાર્ટી હવે ફરી એકવાર મુશ્કેલીમાં દેખાઈ રહી છે. પુછપરછ દરમિયાન એવી વિગત ખુલી શકે છે કે જેના મારફતે ભાજપને કોંગ્રેસ પર ફરીવાર પ્રભુત્વ જમાવવાની તક મળી શકે છે. આજે તેની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ પાંચ દિવસના સીબીઆઈ કસ્ટડીમાં સોંપી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. મિશેલે ભારત સરકાર સમક્ષ કેટલીક વિગતો આપવાની તૈયારી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. મિશેલના પ્રત્યાર્પણના મહત્વન અંદાજ આનાથી લગાવી શકાય છે કે તેને ઙસ વિમાનથી મંગળવારે રાત્રે ૧૦.૪૦ વાગે દુબઈથી લાવવામાં આવ્યો હતો. અજીત દોભાલના નેતૃત્વમાં સમગ્ર પ્રક્રિયા ગુપ્તરીતે ચાલી હતી. સીબીઆઈ હેડક્વાર્ટરમાં તેની પુછપરછ થઈ રહી છે. તેનું પ્રત્યાર્પણ ગેરકાયદેરીતે કરાયું હોવાની વાત મિશેલે કરી છે.

### બિલાડીની જેમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નરિમને કહ્યું હતું કે, સીબીઆઈના ડિરેક્ટરની અવધિ બે વર્ષ માટે ફિક્સ હોય છે. તેમની બદલી પણ થઈ શકતી નથી. બદલી કરવા માટે હાઈપાવર કમિટિની મંજુરી જરૂરી હોય છે પરંતુ વર્તમાન મામલામાં આલોક વર્માને રજા પર મોકલી દેવામાં આવ્યા છતાં હાઈપાવર કમિટિની મંજુરી લેવામાં આવી ન હતી.

### તગેડી મૂકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાલી કરાવવા પહોંચી ત્યારે તેજસ્વી યાદવે આ ટીમને ખાલી હાથે પાછી કાઢી હતી. તેજસ્વીએ કહ્યુ હતુ કે આ મામલાની સુનાવણી હાઈકોર્ટમાં થઈ રહી છે. જ્યાં સુધી સુનાવણી પુરી નહી થાય ત્યાં સુધી બંગલો ખાલી નહી કરું. જોકે આ પહેલા હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચ મકાન ખાલી કરવાનો હુકમ આપી ચુકી છે. તેજસ્વીએ ફરી ડબલ બેંચ સમક્ષ બંગલો ખાલી નહી કરવા માટે અપીલ કરી છે.

### બાહુબલી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેટેલાઈટનું વજન ૫૮૫૪ કિલોગ્રામ છે. તેના દ્વારા દેશમાં ઈન્ટરનેટની સ્પીડને વધારવામાં મદદ મળશે. સેટેલાઈટના લોન્ચિંગની પહેલ વર્ષની શરૂઆતમાં જ કરવામાં આવી હતી. પરંતુ ઈસરોએ તેની સિસ્ટમમાં ટેકનિકલી ખામીને જોઈને તેને ફ્રેન્ચ ગુયાનાથી તપાસ માટે પરત મગાવવામાં આવ્યું હતું. ઈસરોએ સેટેલાઈટને પરત મગાવવાની જરૂરિયાત એપ્રિલમાં પડી હતી.